# ટાટા એથિકલ ફંડ
(An Open-ended Equity Scheme)

TATA MUTUAL FUND

Expertise that's trusted



## "હું કેટલી કમાણી કરું છું તેના કરતા કેવી રીતે કમાણી કરું છું તે વધુ મહત્ત્વનું છે."

આ યોજના નિમ્નલિખિત ચાહતા રોકાણકારો માટે અનુરૂપ છે#:

- લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ.
- શરિયા સિદ્ધાંતોને અભિમુખ કંપનીઓ અને શરિયા સિદ્ધાંતો હેઠળ મંજૂર અન્ય સાધનોનાં ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સાધનોમાં રોકાણ.
- યોજના **ઉચ્ચ જોખમ** ■ **(કથ્થઈ)** તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. રોકાણકારોએ સમજી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ ઉચ્ચ જોખમે છે.

**#રોકાણકારોએ તેમને માટે યોજના અનુરૂપ છે કે નહીં તે વિશે શંકા હોય તો તેમના ફાઈનાન્શિયલ એડવાઈઝર્સની સલાહ લેવી જોઈએ.**

**નોંધઃ** જોખમ નિમ્નલિખિત મુજબ આલેખિત કરી શકાય છેઃ

(કથ્થઈ) રોકાણકારોએ જાણી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ ઉચ્ચ જોખમે છે.

(પીળો) રોકાણકારોએ જાણી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ મધ્યમ જોખમે છે.

(વાદળી) રોકાણકારોએ જાણી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ નીચા જોખમે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે. સર્વ યોજના સંબંધી દસ્તાવેજો ધ્યાનપૂર્વક વાંચો.**

## રોકાણ ફિલસુફી

ટાટા એથિકલ ફંડ રોકાણોના શરિયા સિદ્ધાંતોને અભિમુખ શેરોમાં રોકાણ કરવાના રોકાણ હેતુ સાથેનું ડાઈવર્સિફાઈડ ઈક્વિટી ફંડ છે. ફંડ રોકાણો પર શરિયા સિદ્ધાંતો સાથે મેળ ધરાવતી કંપનીઓનો પોર્ટફોલિયો બનાવવા માટે શેરોની પસંદગી કરવાનો બોટમ અપ અભિગમ પાલન કરે છે. ટાટા એથિકલ ફંડ નૈતિક ધોરણ વિરુદ્ધ, જેમ કે, તમાકુ, દારૂ, જુગાર, લોટરી, બેન્કિંગ અને નાણાકીય સેવાઓ અને અન્ય પ્રતિબંધ કંપનીઓ જેવી વર્ગીકૃત કંપનીઓમાં રોકાણ કરતી નથી.

## શરિયા રોકાણો

**શરિયા શું છે?**

શરિયા ઈસ્લામની નૈતિક સંહિતા અને ધાર્મિક કાયદો છે. શરિયા ગુનાખોરી, રાજકારણ અને અર્થવ્યવસ્થા તેમ જ સ્વચ્છતા, ખોરાક, નમાઝ અને રોજા જેવી અંગત બાબતો સહિત બિનસાંપ્રદાયિક કાયદાઓને પહોંચી વળતા ઘણા બધા મુદ્દાઓ સાથે લેણદેણ ધરાવે છે. શરિયા સિદ્ધાંતોમાં જાહેર જરૂરીયાતે, વેપારમાં નિષ્પક્ષતા અને આવકના નૈતિક સ્રોત સંબંધી અમુક ધોરણો પર આધારિત રોકાણ કરવાનું આવશ્યક છે.

**શરિયા આધારિત રોકાણોની મુખ્ય વિશિષ્ટતાઓ:**

**ક્ષેત્ર આધારિત અપવાદો:**

**શરિયા સિદ્ધાંતોમાં નિમ્નલિખિત સંબંધી અમુક વેપાર પ્રવૃત્તિઓ આવશ્યક રીતે અપવાદ છે:**

- દારૂ, તમાકુ
- બેન્કિંગ ઉદ્યોગ જેવી વ્યાજ ચૂકવવા અને પ્રાપ્ત કરવા સાથે સંકળાયેલી કંપનીઓ
- ગેમિંગ/જુગાર/કેસિનો/તકોની રમત
- બિન-હલાલ ફૂડ પ્રોડક્ટો
- બીભત્સ અથવા પુખ્તોની સામગ્રી સંબંધી મનોરંજન અને લીઝર.

**નાણાકીય રેશિયો આધારિત અપવાદો:**

- ઉચ્ચ દેવું ધરાવતા સરૈવચાવાળી કંપનીઓ અપવાદ છે
- વ્યાજની આવક જેવી બિન શરિયા અભિમુખ પ્રવૃત્તિઓમાંથી ઉચ્ચ આવક આપતે કરતી કંપનીઓને ટાળવી
- ચોક્કસ મર્યાદામા રોકડ, લેણા, રોકાણો અને દેવાદારો

## ટાટા એથિકલ ફંડ શા માટે?

**શરિયા અભિમુખ શેરોનો ડાઈવર્સિફાઈડ પોર્ટફોલિયો**

- 29 ક્ષેત્રોમાં 200 આસપાસ શેરોમાંથી શરિયા અભિમુખ શેરોનો ડાઈવર્સિફાઈડ પોર્ટફોલિયો.
- ફંડ કોઈ પણ માર્કેટ કેપ પક્ષપાત કરતું નથી
- શેરોની પસંદગીમાં બોટમ-અપ અભિગમ

**ઓછા લાભ સાથેના સૈદ્ધાંતિક મજબૂત શેરોનો પોર્ટફોલિયો**

- વ્યાજ વહન કરતા ડેબ્ટનો ઉપયોગ કરીને તેની મૂડીના 30%થી ઓછા સ્રોત કરતી કંપનીઓમાં રોકાણ કરે છે
- આવી કંપનીઓને સામાન્ય રીતે તેમની વૃદ્ધિમાં ભંડોળ આપવા માટે મોટા બાહ્ય દેવું જરૂર હોતી નથી- ઉચ્ચ આંતરિક રોકડ ઉપજાવવાની ક્ષમતા
- વર્તમાન બજારમાં અનુભવ મુજબ બાહ્ય પ્રવાહિતા સ્થિતિઓ ગમે તેવી હોવા છતાં વૃદ્ધિની ક્ષમતા ઉત્તમ હોય તેવી કંપનીઓ

**સૈદ્ધાંતિક રીતે મજબૂત કંપનીઓનો પોર્ટફોલિયો**

પોર્ટફોલિયોમાં નિમ્નલિખિત કંપનીઓનો સમાવેશ થાય છે:

- ઉચ્ચ રોકડ ઉપજ
- ઉચ્ચ મૂડી કાર્યક્ષમતા
- ઉત્તમ આવકની વૃદ્ધિની સંભાવના

**શરિયા સિદ્ધાંતોનું સખ્તાઈથી પાલન કરે છે**

- શરિયા સિદ્ધાંતોનું સખ્તાઈથી પાલન થાય છે કે નહીં તેની ખાતરી રાખવા માટે સ્વતંત્ર એડવાઈઝરો દ્વારા પોર્ટફોલિયોની સઘન દેખરેખ
- ધોરણથી વિપરીત હોય તેવું કશું પણ નિર્ધારિત સમયગાળામાં સુધારી લેવું
- પ્રતિબંધિત આવકના કિસ્સામાં શુદ્ધિકરણ પ્રક્રિયા યથાસ્થાને છે

## કોણે અને શા માટે રોકાણ કરવું જોઈએ

- શરિયા અભિમુખ ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સાધનોમાં રોકાણ કરવા જોતા રોકાણકારો
- નૈતિક મનાતા વેપારોમાં સંકળાયેલી સામાજિક જવાબદાર કંપનીઓમાં રોકાણ
- ઓછો લાભ અને સૈદ્ધાંતિક રીતે મજબૂત કંપનીઓમાં રોકાણો માટે પ્રાધાન્ય આપતા રોકાણકારો
- ઈક્વિટી રોકાણકારો મધ્યમથી આક્રમક જોખમની મનોવૃત્તિ અને 3 વર્ષ તથા વધુ રોકાણ સમયગાળાની લાંબા ગાળાની સંપત્તિ નિર્માણ રોકાણ ક્ષિતિજ ચાહે છે

*વિતરક :*